નવરાત્રી કાઉન્ટ ડાઉન : પુષ્પા સ્ટાઈલ ગરબા હોટ ફેવરિટ

વિવિધ અવનવા સ્ટેપ્સ શીખી રહેલા ખેલૈયાઓમાં હાલ પુષ્પાના સ્ટેપ્સનો પણ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે



ગરબા એ ગુજરાતીઓના લોહીમાં વસ્તો એક સ્વભાવ છે. જીવનમાં કોઈ પણ શુભ પ્રસંગ આવે એટલે ગુજરાતીઓ ગરબાના ૨-૩ રાઉન્ડ ઝુમી જ લે છે. કોઈનો જન્મદિવસ હોય, લગ્ન હોય, સફળતાની પાર્ટી હોય, પારિવારિક કે ધાર્મિક કાર્યક્રમ હોય કે કોઈ બીજા તહેવાર હોય, ગુજરાતીઓ ગરબા રમવાનું ચૂકતા નથી. આ વર્ષે કોરોના મહામારીના ૨ વર્ષ પછી ગુજરાતીઓને મુક્તપણે નવરાત્રિ પર ગરબા રમવાની તક મળશે.ત્યારે

નવરાત્રીને હવે ગણતરીના જ દિવસો રહી ગયા છે. ખેલૈયાઓ પણ ગરબે ઘૂમવા તૈયાર છે. વિવિધ અવનવા સ્ટેપ્સ શીખી રહેલા ખેલૈયાઓમાં હાલ પુષ્પાના સ્ટેપ્સનો પણ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. જો કે, ગરબામાં કોઈ ખાસ પુષ્પા સ્ટેપ્સ નથી.

પરંતુ હાલ પુષ્પાનું સોંગ ખૂબ જ ટ્રેન્ડમાં છે. એટલે આ ખાસ સ્ટેપ્સ તૈયાર કરવામાં આવ્યા છે. જેથી કરીને પાર્ટી પ્લોટમાં ગરબે ઘૂમી રહેલા ખેલૈયાઓ આ સોંગ પર સ્ટેપ્સ કરી શકે અને જમાવટ કરી શકે. મહત્વની વાત એ છે કે, હાલ અનેક ગ્રૂપ્સ દ્વારા વિવિધ સ્ટેપ્સ શીખવામાં આવી રહ્યા છે. ત્યારે ગરબામાં પણ પુષ્પાનો સ્વેગ ભળ્યો છે.

આ વર્ષે પુષ્પા સોંગ પર ખેલૈયાઓ જોરદાર સ્ટેપ કરવાના છે.નવરાત્રી માં દર વર્ષે ગરબા નાં સ્ટેપ ની સાથે સાથે ગરબા નાં નવા નવા ગીતો ગરબા ગ્રાઉન્ડ પર રમઝટ બોલાવી મૂકે છે ત્યારે આ વર્ષે પણ ધમાકેદાર ગીતો અને નવા ગરબા સ્ટેપ્સ જોવા મળવાના છે ખેલૈયાઓ ને આ વર્ષે પુષ્પા સોંગ પર રમવાની મજા આવશે કારણ કે તેમાં જે સ્ટેપ બનાવાયા છે તે ખૂબ રસપ્રદ છે.નાના બાળકો થી લઈ યુવાવર્ગ આ સોંગ પર થનગની ઉઠે તેવા સ્ટેપ બનાવાયા છે.

નવરાત્રી માં પ્રથમ તો સાદા ગરબા ચાલતા હોય છે ત્યાર બાદ બે તાળી ,દોઢિયા, રાસ,ત્રણ તાળી અને ત્યાર બાદ છેલ્લે સનેડો,હિંચની રમઝટ જામતી હોય છે ત્યારે આ વખતે પુષ્પા સોંગ પણ ગરબા ગ્રાઉન્ડ ગજવશે તેમ જણાય રહ્યું છે.

આ વખતે ગરબા ક્લાસ માં પણ ખેલૈયાઓ નો જમાવડો નોંધાયો છે. ૨ મહિના અગાઉ થી જ ગરબા સંચાલકો દ્વારા ગરબા ક્લાસ ના શુંભારંભ કરી દેવાયા હતા જેમાં હાલમાં ખેલૈયાઓ મોટા ભાગના ગરબા સ્ટેપ શીખી ચૂક્યા છે અને પ્રેક્ટિસ નાં મૂડ માં જોરદાર ગરબા સ્ટેપ કરીને પરસેવે રેબઝેબ થઈ રહ્યા છે.ગરબા સંચાલકો પણ આ વર્ષે ખુશ ખુશાલ જોવા મળી રહ્યા છે.દરેક ગુજરાતી આ વખતે પાર્ટી પ્લોટ હોય કે શેરી ગરબા હોય મન મૂકીને ગરબા રમવા માટે થનગની રહ્યા છે.

સોશિયલ મીડિયા માં પણ અવનવા ગરબા નાં સ્ટેપ્સ બનાવીને રીલ મૂકવામાં આવી રહી છે. ગરબા ની સાથે સાથે ખેલૈયાઓ સુંદર મજાના પહેરવેશ પહેરીને ફોટો શૂટ પણ કરાવી રહ્યા છે.એટલો બધો ગરબા નો આ વખતે ક્રેઝ વધ્યો છે અને હજી તો નવરાત્રી માં ખરો ક્રેઝ જોવા મળશે.

સરકારી ઈજનેરી કોલેજ ખાતે

સાપ્તાહિક ફેકલ્ટી ડવલપમેંટ પ્રોગ્રામ "પ્રોસેસિંગ એંડ કેરેક્ટરાઈજેશન–૨૦૨૨નું ઉદઘાટન

ગાંધીનગર, તા. ૨૦

ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળના મેટલર્જી વિભાગ સરકારી ઈજનેરી કોલેજ, સેકટર-૨૮, ગાંધીનગર ખાતે ગુજકોસ્ટ-ડીએસટી સ્પોંસર્ડ, ડીટીઈ અપ્રૂવડ સાપ્તાહિક ફેકલ્ટી ડવલપમેંટ પ્રોગ્રામ "પ્રોસેસિંગ એંડ કેરેક્ટરાઈજેશનનું આયોજન તારીખ ૧૯ થી ૨૩ સેપ્ટેમ્બર ૨૦૨૨ દરમિયાન કર્યુ હતુ. આ ફેકલ્ટી ડવલપમેંટ પ્રોગ્રામના સંયોજક મેટલર્જી વિભાગના પ્રાધ્યાપકો ડૉ. દૌલત શર્મા તથા પ્રા. ડી. વી. મહંત છે. ઉપરોક્ત તાલીમમાં ગુજરાતની વિવિધ નામાંકિત સંસ્થાઓ અને ઇંડસ્ટ્રીજ ખાતેથી પાર્ટીશિપેંટ્શ ભાગ લીધો હોત જેનો મુખ્ય હેતુ મટિરિયલ્સની આધુનીક પ્રક્રિયા અને તેના વિવિધ કેરેક્ટરાઈજેશન વિષયનું તજજ્ઞનો દ્વારા તાલીમ આપવાનું છે. ફેકલ્ટી ડવલપમેંટ પ્રોગ્રામનું ઉદઘાટન ડૉ.ગૌતમ ઉપાધ્યાય આચાર્ય, MGITER, નવસારી અને ડૉ. સ્વેતા. પી. દવે, આચાર્ય, સરકારી ઈજનેરી કોલેજ, ગાંધીનગર ના હસ્તે વિવિધ ખાતાના વડાઓની ઉપસ્થિતિમાં ૧૯મી સેપ્ટેમ્બર ૨૦૨૨ રોજ કરવામાં આવ્યુ હતુ.

ડૉ. કુલદીપ આર્યને અસરગ્રસ્ત વસાહત મહામંડળે ભાવભીની વિદાય આપી

ગાંધીનગર, તા. ૨૦

સામાન્ય રીતે સરકારીતંત્રના ઉચ્ચ અધિકારીઓ અંગે સામાન્ય નાગરિકોમાં મોટે ભાગે ફરિયાદ સાથે અસંતોષ વર્તાતો જોવા મળતો હોય છે. જો કે કેટલાંક અધિકારી એવા પણ હોય છે જેમણે તેમની કાર્યશૈલી અને નિર્ણયો સાથે પ્રજાલક્ષી વહીવટ દ્વારા નાગરિકોનું દિલ જીતી લેતા હોય છે. ગાંધીનગર જિલ્લાના કલેક્ટર પદેથી તાજેતરમાં બદલી પામેલા ડૉ. કુલદીપ આર્ય એક એવા કર્મઠ અધિકારી તરીકેની છાપ છોડી ગયા છે.

પાટનગરના નિર્માણના અસરગ્રસ્ત ગ્રામીણોના વર્ષો જુના પ્રોપર્ટી કાર્ડને લગતા પ્રશ્નને તેમણે ઉકેલીને લોકહૃદયમાં સ્થાન મેળવ્યું હતું. સાત ગામના અસરગ્રસ્ત વસાહત મહામંડળે ડૉ. આર્યની બદલી થતા તેમની વિદાય વખતે પુષ્પવર્ષા કરીને વિદાય આપી હતી. ગાંધીનગર જિલ્લાના પૂર્વ કલેક્ટર ડૉ. કુલદિપ આર્યની બદલી રાજ્ય ચૂંટણી પંચમાં થતાં તેની જાણ ગાંધીનગર શહેરમાં જુના અસરગ્રસ્ત ગામો ઈન્દ્રોડા, બોરીજ, ધોળાકુવા, આદિવાડા, ફતેપુરા, પાલજ અને બાસણ ગામોના આગેવાનોને થતાં ગાંધીનગર શહેર અસરગ્રસ્ત વસાહત મહામંડળના પ્રમુખ ભરતસિંહ પી. બીહોલા, મહામંત્રી બી.એલ. ઠાકોર અને સક્રિય આગેવાન ભીખુસિંહ બિહોલા, અમરસિંહ વાઘેલા, રણછોડજી ઠાકોર, મનુજી ઠાકોર, નટુજી ઠાકોર, અશોકસિંહ, બીરબલભાઈ વગેરે આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં કલેક્ટર કચેરી ખાતે ભેગા થઈ ડૉ. કુલદિપ આર્યને રૂબરૂ મળી ફુલહાર, બુકે, ફુલછડીથી સન્માનીત/બહુમાન કરી તેમની સુખાકારી અને પ્રગતિ માટે શુભેચ્છાઓ અને આશીર્વાદ આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે ડૉ. કુલદિપ આર્ય દ્વારા આ સાત ગામોના પ્રોપર્ટી કાર્ડને લગતા વર્ષો જૂના મોટા પ્રશ્નનો ઉકેલ લાવી ન્યાય અપાવવા બદલ તેમજ પ્રોપર્ટી કાર્ડમાં વારસાઈ કરાવવાના કામમાં તથા સંબંધીત અધિકારીઓ દ્વારા માંગવામાં આવતા પેઢીનામા બાબતે થતા મોટા ખર્ચાઓ તેમજ જટીલ પ્રક્રિયાને ધ્યાને લઈ મહામંડળ દ્વારા કરાયેલ રજુઆત અન્વયે પેઢીનામાને બદલે સોગંદ નામાના આધારે વારસાઈ થાય તેવા લોકહિતનો નિર્ણયો કરી આ ગ્રામજનોને મોટી આર્થિક રાહત કરી આપી હતી. ડૉ. કુલદિપ આર્ય જ્યારે તેમની ઓફિસથી ચાર્જ છોડી સીડીથી નીચે આવતાં તે સમયે આ ગામના ગ્રામજનોએ સીડીની બંને બાજુ લાઈનબંધ ઉભા રહી ગુલાબની પાંદડીઓ હાથમાં શુભેચ્છારૂપે આપી ભાવભીની વિદાય આપવામાં આવેલ હતી.

સમસ્ત પ્રજાપતિ સમાજની નવી કારોબારીની વરણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૦

સમસ્ત પ્રજાપતિ સમાજ ગુજરાતની સાધારણ સભા તા. ૧૮મી સપ્ટેમ્બરે રવિવારના રોજ આઠ પરગણા પ્રજાપતિ સમાજની વાડી સોલા અમદાવાદ ખાતે રાજ્યસભાના સાંસદ દિનેશભાઈ અનાવાડીયાના પ્રમુખસ્થાને અને પીંપળીધામના મહંત ઈશ્વરભાઈ મુખી મહારાજ સંસ્થાના પ્રમુખ અનિલ પ્રજાપતિ તથા રાષ્ટ્રીય કુંભાર મહાસભાના રાષ્ટ્રીય અધ્યક્ષ વીરચંદભાઈ પ્રજાપતિ, લાલજીભાઈ પ્રજાપતિ, હર્ષદભાઈ પ્રજાપતિ, ગોવિંદભાઈ પ્રજાપતિ, સુરેશભાઈ પ્રજાપતિ, પ્રભુદાસભાઈ મુનસરા, અમૃતભાઈ પ્રજાપતિ, બંસીભાઈ પ્રજાપતિ, જેઠાભાઈ પ્રજાપતિ, ધવલભાઈ પ્રજાપતિ, જીતુભાઈ પ્રજાપતિ, મહેશભાઈ પ્રજાપતિ, પ્રવિણભાઈ પ્રજાપતિ, રોહિતભાઈ પ્રજાપતિ, વિમલભાઈ પ્રજાપતિ, મનુભાઈ પ્રજાપતિ, જયેશભાઈ પ્રજાપતિ, અરવિંદભાઈ પ્રજાપતિ, ભરતભાઈ પ્રજાપતિ અને શ્રીમતી અલકાબેન પ્રજાપતિ, ગાયત્રીબેન પ્રજાપતિની ઉપસ્થિતિમાં યોજવામાં આવી હતી. આગામી પાંચ વર્ષ માટે નવીન કારોબારી અને હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ તરીકે અનિલભાઈ પ્રજાપતિ, સંયોજક તરીકે વીરચંદભાઈ પ્રજાપતિ, સહસંયોજક તરીકે લાલજીભાઈ પ્રજાપતિ, મુખ્ય મહામંત્રી તરીકે દશરથભાઈ પ્રજાપતિ, મહામંત્રી તરીકે સી.કે. પ્રજાપતિ અને ખજાનચી તરીકે પ્રકાશભાઈ પ્રજાપતિ તથા ઉપપ્રમુખ તરીકે રમેશભાઈ કંસારા, ભક્તિભાઈ પ્રજાપતિ, હર્ષદભાઈ પ્રજાપતિ, રાજુભાઈ પ્રજાપતિ, ધર્મેશભાઈ જે. પ્રજાપતિ અને નરેન્દ્રભાઈ ડી. પ્રજાપતિ, યુવા પ્રમુખ તરીક પ્રકાશભાઈ ટાંક, મંત્રી તરીકે ચેતનભાઈ એમ. પ્રજાપતિ, કાનજીભાઈ ડી. પ્રજાપતિ, સુમનભાઈ પ્રજાપતિ, મહિલા પ્રમુખ તરીકે જયશ્રીબેન પી. મુનસરા તથા ઓડીટર તરીકે મુકુન્દભાઈ પ્રજાપતિ, હર્ષદભાઈ પ્રજાપતિ, નીતિનભાઈ પ્રજાપતિની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી.

અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ

બાયો રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ અડાલજ દ્વારા પોલીયો વેક્સીનેશન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

તા. ૧૮ સપ્ટેમ્બરથી ૨૦ સપ્ટેમ્બર-૨૦૨૨ દરમિયાન અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, ચાંદખેડા દ્વારા પોલીયો વેક્સીનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થી સ્વયંસેવકો માટે અરીહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રિસર્ચ ઈન્સ્ટીટ્યુટે સહયોગ આપ્યો હતો. સંસ્થાના બી.ફાર્મ ફાઈનલ યરના કુલ ૩૫ વિદ્યાર્થીઓએ ત્રણ દિવસ પોલીયો બુથ પર તથા અલગ અલગ સ્થળોએ પહોંચીને બાળકોને પોલીયોની રસી આપી હતી તથા સમાજ સેવાનું કામ પુરૂ પાડ્યું હતું, જેનાથી એમનો સોસાયટી તરફનો એટીટ્યુટ અને બિહેવીયરમાં જાગૃતિ આવી.

શહેરમાં ૩૩ કલાક ૩૩ મીનીટ નોન સ્ટોપ હનુમાન ચાલીસા ગવાશે

લાયન્સ ક્લબ દ્વારા ૩૩ કલાકમાં દર કલાકે એક સેવાકાર્ય કરાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના આંગણે પ્રથમવાર વર્લ્ડ રેકોર્ડ કાર્યક્રમ યોજાવાનો છે. જેમાં ૩૩ કલાક ૩૩ મીનીટ નોન સ્ટોપ હનુમાન ચાલીસા તથા ૩૩ કલાક દરમ્યાન દર એક કલાકે સેવાકાર્ય પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૨૩-૯-૨૦૨૨ શુક્રવારે સવારે ૮ કલાકથી ૨૪-૯-૨૨ શનિવારે સાંજે ૬ કલાક સુધી ભારત માતા મંદિર, સેક્ટર-૭-એ, ગાંધીનગર ખાતે યોજાશે. વિશ્વમાં પ્રથમ વખત લાયન્સ ઈન્ટરનેશનલની ક્લબો દ્વારા નોન સ્ટોપ હનુમાન ચાલીસા તથા મેગા સર્વિસ પ્રોજેક્ટનું આ પ્રકારનું વર્લ્ડ રેકોર્ડ આયોજન થયેલ છે. જેમાં અમદાવાદની પ્રખ્યાત મિલીનીયમ ઈવેન્ટ્સના નિરવ ગજ્જરની ટીમ દ્વારા કરાઓકે મ્યુઝીક પર હનુમાન ચાલીસા અલગ અલગ કલાકારોના સુમધુર કંઠે ૩૩ કલાક ૩૩ મીનીટ નોન સ્ટોપ ગાવામાં આવશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાન, નગરના આગેવાનો ૩૩ કલાક દરમ્યાન કોઈપણ સમયે ઉપસ્થિત રહેશે ત્યારે હનુમાનદાદાની આરતી તથા પ્રસાદનો લાભ મળશે તથા તેઓ દ્વારા દર કલાકે એક સેવાકીય કાર્યનું વિરણ કરવામાં આવશે. આ કાર્યક્રમ દરમ્યાન નીચે મુજબની સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરાનાર છે. બ્લડ ડોનેશન, બ્લડ ગ્રુપ ચેક-અપ, ડાયાબીટીસ અને બી.પી. ચેક-અપ, મેડીકલ ચેકઅપ કેમ્પ, આંખોની તપાસ

ગ્રામજીવન પદયાત્રા આઝાદીના અમ્રુત મહોત્સવ અંતર્ગત દહેગામ ૭૫ ગામોમાં ૧૭ ટુકડીઓ સાથે જન જાગૃત્તિ અભિયાન

ગાંધીનગર, તા. ૨૦

ઉચ્ચ શિક્ષણની કચેરી – રાષ્ટ્રીય સેવા યોજના સેલ, ગાંધીનગર અને શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા દ્વારા આઝાદીનાં અમૃત મહોત્સવ અંતર્ગત માનનીય રાજ્યપાલશ્રીના આઝાદીના અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ વિષય પર દહેગામ તાલુકાના ૭૫ ગામોમાં ગ્રામ જીવન પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે જેના ઉધઘાટન પ્રસંગે કાર્યક્રમ અધ્યક્ષ તરીકે ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી, કુલનાયકશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ મુખ્ય અતિથિ તરીકે શ્રી આર. આર. પટેલ, રાજ્ય એન.એસ.એસ. અધિકારી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગર અને અતિથિ વિશેષ તરીકે ડૉ. બી. જી. પટેલ વહિવટી અધિકારી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગાંધીનગર, ડો. આકાશ ગોહિલ, પ્રોગ્રામ કોર્ડિનેટર, રાસેયો, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ ઉપસ્થિત રહ્યા હતા અન્ય અતિથિયો તરીકે શ્રી મહેશભાઈ મકવાણા બી. આર. સી. દહેગામ, શ્રી રાજૂભાઈ ગોસ્વામી- કમિશનરશ્રીના પ્રતિનિધિ, ડો. હિતેશભાઈ ભટ્ટ – પ્રાચાર્યશ્રી એમ.બી. આર્ટ્સ કોલેજ દહેગામ, ડૉ. જગદીશચન્દ્ર સાવલિયા- ડીનશ્રી શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરા, ડો. જગદીશચંદ્ર ગોઠી અને ડો. પ્રભુલાલ કાસુંદ્રા હાજર રહ્યા હતા.

એસ.એમ.કે. ઉચ્ચ માધ્યમિક શાળાના ચારસો વિદ્યાર્થીઓ નેશનલ ગેમ્સમાં જોડાયા

ગાંધીનગર, તા. ૨૦

શ્રીમતી એસ.એમ.કે. શાહ ઉચ્ચ. મા. શાળા આદરજ મોટી નેશનલ ગેમ્સ ૩૬ અંતર્ગત અમારી શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ રમતો જેવા કે કબડ્ડી, ખોખો, દોરડાખેંચ તેમજ એથ્લેટીક્સ રમતો તથા મ્યુઝીકલ ચેર, સંગીત ખુરશી, લીંબુ ચમચી જેવી અલગ અલગ પ્રાકારની રમતોમાં ૪૪૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આર.જી. પટેલ કન્યા શાળામાં રમતગમતની પ્રવૃત્તિઓનું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની સંયુક્ત ભાગીદારીથી તા. ૨૯ સપ્ટે. થી ૧૨ ઓક્ટો-૨૦૨૨ સુધી ૩૬મી નેશનલ ગેમ્સ ગુજરાતના જુદી જુદી ૬ શહેરો જેવા કે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર અને ગાંધીનગર ખાતે યોજાનાર છે. આ ૩૬મી નેશનલ ગેમ્સ બાબતે ગુજરાતના યુવાનોમાં અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ કેળવાય તે હેતુથી શાળામાં રમતગમતની પ્રવૃતિઓનું આયોજન તા. ૧૬-૯-૨૨ના રોજ શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળામાં કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમની શરૂઆતમાં આચાર્ય ગિતેશભાઈ પટેલ દ્વારા પ્રાચિન રમતો જેવી કે ગીલ્લી ડંડો, હું-તુ-તુ-તુ, સાતોલિયું, ઈંડુ વગેરે તેમજ હાલની આધુનિક રમતો જેવી કે બેડમિન્ટન, લોન ટેનિસ, ટેબલ ટેનિસ જેવી રમતોની માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. શાળાના ઉ.મા. વિભાગના વ્યાયામ શિક્ષિકા ઉર્વશીબેન જોષી દ્વારા બાળકોમાં રમતગમત પ્રત્યે જાગૃત્તિ કેળવાય અને શારિરીક ક્ષમતાનો વિકાસ થાય તે માટે કઈ રમતમાં ભાગ લેવો જોઈએ તે માટે જરૂરી માર્ગદર્શન સાથે સલાહ આપવામાં આવી હતી. તેમણે ભારતના ખેલાડીઓ પી.ટી. ઉષાથી લઈને પી.વી. સિન્ધુના સ્ટાર્સ ખેલાડીઓના સંઘર્ષની રસપ્રદ વાતો કરીને રમતગમતમાં ભાગ લેવા માટે જણાવ્યુ હતુ.

શાળાના ૨૦૧૦થી ૨૦૨૦ સુધીમાં રાષ્ટ્રીયકક્ષાએ કબડ્ડી, હેન્ડબોલ, બાસ્કેટ બોલ, જિમ્નેસ્ટીક, વૉલીબોલ, લોન ટેનીસ, એથ્લેટિક્સ, જૂડો જેવી રમતોમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓના નામની માહિતી અને તેમની સિદ્ધિ વિશે હાલની વિદ્યાર્થીઓને જણાવવામાં આવ્યુ હતુ. વિદ્યાર્થીઓમાં શારિરીક ક્ષમતા વિશે જાગૃતિ કેળવાય એ માટે ફિટ ઈન્ડિયા અંતર્ગત સપથ શાળાના ૭૦૦ વિદ્યાર્થીઓને લેવડાવવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતમાં સુપરવાઈઝર કામિનીબેન મહંત દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. શાળાની ધોરણ ૯ થી ૧૨ની ૭૦૦ વિદ્યાર્થીનીઓએ રિક્રિયેશનલ રમતો મ્યુઝિકલ ચેર, રસ્સાખેંચ અને ભારતીય રમતો કબડ્ડી, ખો-ખો વોલીબોલ જેવી રમતો ઈન્ટરક્લાસ વચ્ચે રમાડવામાં આવી હતી અને વિજેતા ખેલાડીઓને ઈનામ આપી નવાજવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ઉ.મા. વિભાગના વ્યાયામ શિક્ષિકા ઉર્વશીબેન જોશી દ્વારા કરવામાં આવ્યુ હતુ. શાળાના તમામ સ્ટાફ મિત્રોએ સહકાર આપ્યો હતો.

ગૂજરાત વિદ્યાપીઠમાં અખિલ ભારતીય હિન્દી સંસ્થા સંઘની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૦

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદમાં અખિલ ભારતીય હિન્દી સંસ્થા સંઘની બેઠક ડૉ. ગિરીશ ગાંધીની અધ્યક્ષતામાં યોજાઈ.

જેમાં સંઘના ઉપાધ્યક્ષ પ્રા. ચન્દ્રદેવ કવડે, સંઘ સચિવ ડૉ. રાજેન્દ્ર ખીમાણી, કોષાધ્યક્ષ ડૉ. કે.કે. શઈકીયાની ઉપસ્થિતિ સંઘની સભ્ય સંસ્થાઓ જેવી કે કેરળ હિન્દી પ્રચાર સભા, મહારાષ્ટ્ર રાષ્ટ્રભાષા-પુના, સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ-રાજકોટ, ગૂજરાત હિન્દી-હિન્દુસ્તાની પ્રચાર સમિતિ હિન્દી ભવન ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદના પ્રતિનિધિઓની ઉપસ્થિતિ રહી, જેમાં રાષ્ટ્રભાષા હિન્દી બને તેવા પ્રયત્નો અને હિન્દી ભાષાનો પ્રચાર-પ્રસાર કરવા માટે પ્રત્યેક સંઘ સંસ્થાઓએ વિવિધ કાર્યક્રમો ગોઠવી સરકાર કે સમાજ પાસેથી આર્થિક સહાય એકત્ર કરી હિન્દી ભાષાનો પ્રચાર વેગવંતો બનાવવાની ચર્ચાઓ કરવામાં આવી. અખિલ ભારતીય હિન્દી સંસ્થાન સંઘના ઉપસ્થિત રહેલા ૧૭ પદાધિકારીઓનું આભારદર્શન ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક તેમજ અખિલ ભારતીય હિન્દી સંસ્થા સંઘના સચિવ ડૉ. રાજેન્દ્ર ખીમાણીએ આભારદર્શન કર્યુ. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થામાં કુલ સચિવના અંગત સચિવ ચંદ્રાબહેન અને હિન્દીભવનના સંયોજક પ્રો. રમેશભાઈ મ. પટેલે કરી હતી.